જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૪/૧૧/૨૦૧૮ બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૧૯/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૨ કેસ કરી, ૫૦ વ્યક્તિઓને ઝડપી, ૧૧૫ લીટર દેશી દારૂ, ૩ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧ સ્કુટર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૭ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૬,૧૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૨૦/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૮૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી-૯૩ મુજબ ૨૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**લુંટ :-** **સમાચાર યાદી નં.૨૨૨૧/૧૮**

**શાહીબાગઃ**પ્રિયંક રશ્મીકાંતભાઇ પટેલ (ઉ.વ.૨૦)(રહે.નિરંજન સોસાયટી,ચિરાગ ડાયમંડ સામે બાપુનગર) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૧૧/૧૮ કલાક ૦૦/૧૫ વાગ્યાના સુમારે શાહીબાગ ઘેવર સર્કલ નજીક આવેલ મુરલીધર ડેરીની સામે આવેલ વર્લ્ડ મોન્ટેસરી સ્કુલ પાસે સિલ્વર કલરની ઝેન કાર નંબર જીજે.૦૧.૫૧૭૪ માં આવેલ ત્રણ અજાણ્યા પુરૂષો (૨૦ થી ૨૫ વર્ષના આશરાના) એ ભેગા મળી પ્રિયંકના જમણા હાથની કલાઇ ઉપર લાકડાનો ડંડો મારી ઇજા કરી, ચાકુ બતાવી સોનાની ચેઇન પેન્ડલ સાથે અને સોનાની નંગવાળી વીંટી તથા બીજી ડાયમંડ વાળી વીંટી મળી કુલ રૂપિયા ૮૫,૦૦૦/- મતાની લુંટ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.પી.મક્વાણા ચલાવે છે.

**ઘરફોડ ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૨૨૨/૧૮**

**મેઘાણીનગરઃ** મહેશભાઇ રાજેન્દ્રભાઇ કનોજીયા (રહે.પ્રહલાદ મુખીની ચાલી ગોકુલ એપાર્ટમેંટ સામે ઉમિયાનગર મેઘાણીનગર) એ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૧૧/૧૮ કલાક ૧૧/૦૦ થી તા.૧૨/૧૧/૧૮ બપોરના ૧/૩૦ વાગ્યા દરમ્યાન અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોના-ચાંદીના દાગીના, સોનાટા કાંડા ઘડીયાળ કિંમત રૂપિયા ૧,૦૦૦/-  અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૩,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એસ.સિંધવ ચલાવે છે.

**બાપુનગરઃ** ભુપેશભાઇ હસમુખભાઇ ઠક્કર (રહે.પહેલો માળ શરણમ હાઇટસ હિરાવાડી શિવશક્તિ મંદીર પાસે, બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૧૧/૧૮ બપોરના ૧૨/30 થી ૨/30 વાગ્યા દરમ્યાન પોતાના મકાનના મુખ્ય દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોનાની બે વીંટી કિંમત રૂપિયા ૪0,000/- અને રોકડ રૂપિયા ૯,૭0,000/- મળી કુલ રૂપિયા ૧0,૧0,000/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એચ.બી.ચૌધરી ચલાવે છે.

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૨૩/૧૮</u>**

**પાલડીઃ** હર્ષદભાઈ બચુભાઈ કોળી (રહે.ગામ ભેટાવાડા તા.ધોળકા જી.અમદાવાદ) એ તા.૧૩/૧૧/૧૮ નારોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.0૬/૧૧/૧૮ કલાક 0૫/00 થી 0૭/00 દરમ્યાન સરદારબ્રીજ ના જમાલપુર તરફના છેડે રોડ ઉપર પોતાની ઈક્કો ગાડી નંબર જીજે.3૮.બી.૭૪૪૪ કિંમત રૂપિયા ૪,00,000/- પાર્ક કરી હતી. જેની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.સિંન્ધી ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૨૪/૧૮</u>**

**નારોલઃ** ફીરદોશબાનુ વા/ઓ અબ્દુલરઝાક પટણી (ઉ.વ.3૬)(રહે.અલફઝક રો-હાઉસ રહીમી મસ્જીદ ની સામે બોમ્બે હોટલ દાણીલીમડા) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૧૧/૧૮ બપોરના ૧/30 વાગ્યાના સુમારે વાસણા થી નારોલ તરફ જવાના ને.હા.નં-૮ રોડ ઉપર કોઝી હોટલ પાસે ફીરદોશબાનુની પુત્રી આમેનાખાતુન અબ્દુલઝબ્બાર પટણી (ઉ.વ.3૬) ચાલતા પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક ફોર વ્હીલ ગાડી નંબર જી.જે.0૧.કે.એ.00૮3 ના ચાલકે ગાડી પુરઝડપે અને બેદરકારીથી ચલાવતા આમેનાખાતુનને ટક્કર વાગતા ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને વા.સા.હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન બપોરના ૨/૫0 વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ટી.કે.દેવમુરારી ચલાવે છે.

**<u>ટ્રેઈનની અડફેટે આવી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૨૫/૧૮</u>**

**ખોખરાઃ** પ્રસાંત રમેશભાઇ કમલે (ઉ.વ.૪0) (રહે. હરિપુરાના કાચા છાપરા ધિરજ હાઉસિંગ ખોખરા) તા.૧૨/૧૧/૧૮ રાતના ૮/૪0 વાગ્યાના સુમારે ઇલાજક્રોસિંગથી કેડિલા બ્રિજ તરફ જતા ટ્રેક પર પોલ.નં ૪૯૧/૧ નજીક ટ્રેઈનની અડફેટે આવી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.પરમાર ચલાવે છે.

**<u>ભુલથી ઝેરી પ્રવાહી પી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૨૬/૧૮</u>**

**સરખેજઃ** પુજાબહેન વા/ઓ કૃષ્ણાકુમાર જૈન (ઉ.વ.૨૫) (રહે.પટેલવાસ રામજીમંદીરની બાજુમા સરખેજ) ને તા.૧0/૧૧/૧૮ રાતના 00/30 વાગ્યાના સુમારે ગભરામણ જેવુ થતા ભુલથી પોતાના ઘરમાં પડેલ કાયમચુર્ણની ડબ્બીમા ભરેલ કોઈ ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે ૧0૮ મા સોલા સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.કે.પંડ્યા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૨૨૭/૧૮**

**ગોમતીપુરઃ** સીમાબહેન વા/ઓ સચિન ગજ્જર (ઉ.વ.૩૨) (રહે.પ્રતિકગાંધી પાર્ક સોસાયટી, બી.ઓ.બી.બેંક પાછળ રખિયાલ રોડ ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૧૩/૧૧/૧૮ બપોરના ૨/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડની જાળીના સળીયા સાથે સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.કે.ભુનાતર ચલાવે છે.

**મેઘાણીનગરઃ** ભજનલાલ બચારામ ઠાકુર (ઉ.વ.૪૫) (રહે.અમરાજીનગર ગલી નંબર-૨ ભાર્ગવ રોડ મેઘાણીનગર) ને છેલ્લા દસેક દિવસથી મજુરી કામ ન મળતા હતાશ થઈ મનમાં લાગી આવતા તા.૧૨/૧૧/૧૮ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નવનીતકુમાર હસમુખલાલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.